# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : ૨૧-૩-૨૦૧૨ સવાર : ૦૭-૦૫/૧૫

(૧) જમીન રી - સર્વેની કામગીરી દેશમાં સૌપ્રથમવાર ગુજરાતમાં હાથ ધરવામાં આવી.

(૨) સરકાર દ્વારા બીપીએલ લાભાર્થીને જમીન સંપાદન કરી પ્લોટ ફાળવણી મર્યાદા ૧૦ લાખ સુધી વધારવામાં આવી.

(૩) માણસા વિધાનસભાની પેટા ચૂંટણી માટે આજે મતગણતરી હાથ ધરાશે.

(૪) ગુજરાત વડી અદાલતે સસ્પેન્ડ કરાયેલા પોલીસ અધિકારી વિપુલ અગ્રવાલની જામીન અરજી નકારી કાઢી છે.

..............................

રાજ્ય વિધાનસભામાં ગઈકાલે મહેસુલ વિભાગની ૧૭ અબજ ૧૧ કરોડ રૂપિયા માર્ગ અને મકાન વિભાગની ૪૭ અબજ ૯૦ કરોડ રૂપિયા તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગની ૫ કરોડ રૂપિયાની માગણીઓ ચર્ચા બાદ બહુમતીથી પસાર કરાઈ છે.

મહેસુલ વિભાગની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ આપતા મહેસૂલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જમીન રી સર્વેની કામગીરી કરનાર ગુજરાતને દેશનું પ્રથમ રાજ્ય ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે રાજ્યના વધુ ૧૨ જિલ્લાઓમાં ૧૨૭ કરોડ રૂપિયાના ખર્ચે રી સર્વે હાથ ધરાશે. ઓનલાઈન પધ્ધતિથી માત્ર ૧૫ દિવસમાં જ બિન ખેતી જમીનની પરવાનગી અપાશે. શ્રીમતિ પટેલે જન સેવા કેન્દ્રો દ્વારા ૧૮ લાખ ૪૧ હજાર અરજીઓનો

નિકાલ કરાયો હોવાનું જણાવી ઉમેર્યું હતું કે સાત-બારના ઉતારા અલગ થતા વિસંગતતાઓમાં ઘટાડો થશે.

મહિલા અને બાળવિકાસ વિભાગની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ આપતાં મંત્રી શ્રીમતી  વસુબેન ત્રિવેદીએ - તેમના વિભાગના અંદજપત્રમાં ગત વર્ષ કરતાં ૬૧ ટકાનો વધારો થયાનો દાવો કર્યો હતો. તેમણે કહ્યું કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ૧૨ હજાર નંદઘર બનાવવા માટે ૫૧૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. વિધવા સહાયની રકમ ૫૦૦ રૂપિયાથી વધારી ૭૫૦ રૂપિયા અને બાળક દીઠ સહાયની રકમ ૮૦ રૂપિયાથી વધારી ૧૦૦ રૂપિયા કરવાની જાહેરાત કરતાં શ્રીમતિ વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે વિધવા બહેનોને સ્વ રોજગારની તાલીમ માટે  ૬ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. મહેસુલ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણીઓ ગૃહમાં ચર્ચા બાદ બહુમતીથી પસાર કરવામાં આવી હતી.

..............................

વિપક્ષના અર્જુન મોઢવાડિયાએ ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતું કે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ શાસન ધૂરા સંભાળી ત્યારથી સરકારી, ગૌચર અને જંગલની જમીનો દિવસે નથી વેચતા એટલી રાત્રે વેંચે છે. અમેરીકાની ફોર્ડ કંપનીને આપવામાં આવેલી જમીન મામલે તપાસ કરવાની તેમણે માગણી કરી હતી.

જમીન માપણી ખોટી રીતે થતી હોવાની વ્યાપક  ફરિયાદ હોવાની સાથે ભેળવણી અને સેઢાના કજીયા વધી ગયા છે. સરકારી સર્વેયરોને કંપનીના રેકર્ડને પ્રમાણીત કરવા ગાંધીનગરથી દબાણ થતું હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા

પુનઃ માપણી માટે આપવામાં આવતા નાણાંમાં વ્યાપક ભ્રષ્ટાચાર થાય છે. આ મૂલ્યાંકનની કામગીરી અને ભ્રષ્ટાચારની તપાસ માટે હાઈકોર્ટના સીટીંગ જજના અધ્યક્ષ પદે કમિશન રચવાની પણ માંગણી કરવામાં આવી હતી.

ડભોઈના ધારાસભ્ય સિધ્ધાર્થ પટેલે વિકાસનો દાવો કરતી સરકારના શાસનમાં ૯૯ કિમીના રસ્તાઓ બન્યા રસ્તાના કામોનાં ગેરરીતીઓ માનીતાઓને બચાવ કરતી સરકાર છે. સુવર્ણ ચતુર્ભૂજ યોજના હેઠળ કેન્દ્ર સરકારે ૨૩૯૦ કરોડ રૂપિયા ખર્ચા માટે આપ્યા છે.

..............................

સરકાર દ્વારા બીપીએલ લાભાર્થીને જમીન સંપાદન કરી પ્લોટ ફાળવણી મર્યાદા રૂ.૧૦ લાખ કરાઈ છે.

ગ્રામ વિકાસ મંત્રી નરોત્તમભાઈ પટેલે વિધાનસભા ખાતે અંદાજપત્રિય માંગણીઓ રજૂ કરતા જણાવ્યું કે, ચાલુ વર્ષના અંદાજપત્રમાં છેલ્લા બાર વર્ષની સરખામણીમાં ૬૪૩ ટકાનો વધારો કરી  ૧૭૧૫ કરોડ રૂપિયાની ફળાળવણી કરી છે. માનવવિકાસ સૂચકાંકને આધારિત  અંદાજપત્રમાં જોગવાઈ કરાઈ છે.

ગરીબોને ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થાય તે માટે સરદાર પટેલ આવાસ યોજના માટે ૭૮ હજાર ૮૧૬ આવાસોનું નિર્માણ કરશે. બીપીએલ લાભાર્થીઓને જામીન સંપાદન કરીને પ્લોટ ફાળવવાની મર્યાદા બે લાખ રૂપિયાથી વધારે  ૧૦ લાખ રૂપિયા કરાઈ છે. સ્વર્ણિમ કોલોનીમાં રસ્તા, પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટનો સુવિધા માટે ૨૦૦૦.૦૦ લાખરૂપિયાની જોગવાઈ કરાઈ છે. હળપતિ આવાસ યોજના માટે ૫૦ કરોડ રૂપિયા ફાળવાયા છે, જે હેઠળ અગિયાર હજાર એક સો અગિયાર આવાસોનું નિર્માણ

કરાશે.આત્મા ગામડાનો અને સુવિધા શહેરની મંત્રને ચરિતાર્થ કરતી રર્બન પ્રોજેક્ટ અંતર્ગત માળખાગત સુવિધા માટે ૧૨૦ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. રાજ્યના વિવિધ જિલ્લાના ૪૦ ગામોને ડ્રેનેજની સુવિધા ૨૬૩.૧૧ કરોડ રૂપિયાના ટેન્ડરો મંજૂર કરવામાં આવ્યા છે. આ યોજના હેઠળ ખાસ કિસ્સામાં શામળાજી ડ્રેનેજ યોજના મંજૂર કરાઈ છે. દરિદ્ર નારાયણની સેવા કરવાનો મક્કમ નિર્ધાર કરી રાજ્ય સરકારે રાજ્યભરમાં આગામી વર્ષે ૩૦૦ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કર્યું છે. જે માટે ૪૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૬૪૨ ગરીબ મેળા યોજી ૫૭.૫૯ લાખ લાભાર્થીઓને ૭૯૪૭ કરોડ રૂપિયાની સહાય પૂરી પાડી છે.

..............................

રાજ્ય સરકારે બારકોડેડ રેશન કાર્ડ દાખલ કરીને ૧૬ લાખ જેટલા ભૂતીયા રેશન કાર્ડ નાબૂદ કર્યા છે.

વિધાનસભા ગૃહમાં અન્ન,નાગરિક પૂરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની માંગણીઓની ચર્ચાનો જવાબ આપતા અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રી શ્રી નરોત્તમ પટેલે જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં જ તમામ લોકોને બારકોડેડ રેશનકાર્ડ મળી જશે. મંત્રીના જવાબ દરમિયાન વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ ‘તેલના ભાવ ઓછા કરો’ના સૂત્રોચ્ચાર કર્યા હતા અને ગૃહ ત્યાગ કરી ગયા હતા. આ અગાઉ અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહક બાબતો તેમજ પંચાયત, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગની માંગણીઓ ઉપરની ચર્ચાનો પ્રારંભ કરતા કોંગ્રેસના દંડક શ્રી ઈકબાલ પટેલે જણાવ્યું હતું કે રાજ્યસરકારે મુખ્યમંત્રીના ગરીબ મેળાઓ માટે ૪૨ કરોડ ૩૪ લાખ રૂપિયા સરકારી તિજોરીના ખર્ચી

નાખ્યા છે. અને માત્ર એસ.ટી. તંત્રનું બિલ જ ૯ કરોડ ૩૩ લાખ રૂપિયા ઉપર પહોંચી ગયુ છે. વહીવટીતંત્ર કલ્યાણ યોજનાઓના અમલને બદલે ગરીબ મેળાઓના આયોજનમાં વ્યસ્ત રહ્યુ હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

કોંગ્રેસના દંડક શ્રી ઈકબાલ પટેલે રાજ્યમાં તલાટી મંત્રીઓની જગ્યાઓ વર્ષોથી ખાલી રહેવા અંગે પણ સરકારની ટીકા કરી હતી. ભારતીય જનતા પક્ષના સભ્ય શ્રી અનિલ પટેલે ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા ગરીબ અને પછાત વર્ગ માટે રાજ્ય સરકારે અનેક પગલાઓ ભર્યા હોવાનું જણાવી રાજ્ય સરકારની કામગીરી બિરદાવી હતી. શ્રી અનિલ પટેલે રાજ્યમાં ગોચરની જમીનના રક્ષણ અને સંવર્ધન માટે ઓથોરીટીની રચના કરવા અને ગામડાઓમાં ગંદકી દૂર કરવા ખાસ માળખું ઉભુ કરવાનું સૂચન કર્યું હતું.

..............................

ગુજરાત વિધાનસભાની માણસા બેઠકની પેટાચૂંટણી માટે આજે મતગણતરી હાથ ધરાશે.

ગયા રવિવારે માણસાની બેઠક માટે મતદાન થયું હતું, તે સરેરાશ ૭૫ ટકા જેટલું નોંધાયું છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા ઉમેદવાર શ્રી દશરથ પટેલ જ્યારે કોંગ્રેસ દ્વારા અગાઉના જ ઉમેદવાર શ્રી બાબુજી ઠાકોરને ઉમેદવાર તરીકે ઉભા રખાયા છે, અન્ય ત્રણ અપક્ષ ઉમેદવારો પણ ઉભા રહ્યા છે, ત્યારે ચૂંટણી પરિણામો કોની તરફેણમાં જાય છે તે આઠ વાગ્યા પછી મત પેટી ખૂલતાં સ્પષ્ટ બનતું જશે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૦૭ની ચૂંટણીમાં સદગત શ્રી મંગળદાસ પટેલનો વિજય થયો હતો , અને ત્યારે હરીફ ઉમેદવાર કોંગ્રેસના શ્રી બાબુજી ઠાકોરને ૩૩૭૦ મતનો તફાવત રહ્યો હતો. આમ આ વખતે પરિણામ રસાકસીભર્યું બની રહેશે.

મતદાતાઓએ પણ મતદાનમાં સારો પ્રતિભાવ આપ્યો છે, કોંગ્રેસ અને ભાજપ બંનેએ આ બેઠક પર વિજેતા બનવાનો દાવો કર્યો છે, ત્યારે મતદાતાઓ કોના પર કળશ ઢોળે છે તે મહત્વનું બની રહેશે. ગુજરાત વિધાનસભાની મુદ્દત ચાલુ વર્ષે ડિસેમ્બરમાં પૂરી થાય છે.

..............................

રાજ્યના પ્રથમ એક્સપ્રેસ - વે અમદાવાદ - ધોલેરા - ભાવનગરના ૧૧૬ કિ.મીના રસ્તાના નિર્માણ માટે પથરેખા, જમીન સંપાદન, યુટીલીટી શિફ્ટિંગ જેવી કામગીરી પૂર્ણ કરી છે. આ રસ્તાના બાંધકામની શરૂઆત  કરવામાં આવશે.

આ રસ્તા માટે આ બજેટમાં ૧૩૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે,  વિશ્વ બેન્ક સહાયિત યોજના અંતર્ગત ૧૫૭૭ કિ.મી લંબાઈના બે હજાર કરોડ રૂપિયાની કિમતના વિવિધ રસ્તાઓમાં પ્રોજેક્ટ પણ હાથ ધરવામાં આવશે. જેમાં હિંમતનગર - રાધનપુર રોડ, ડભોઈ - અલીરાજપુર રોડ , જામનગર - દ્વારકા રોડ તેમજ વાંસદા - વાપી રોડ મુખ્ય છે. હાથ ધરનારા માર્ગ વિકાસના કામોની માહિતી આપતા મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં અમદાવાદ  - વિરમગામ - માળીયા ચાર માર્ગિય ૧૮૦ કિમીનો રસ્તો ૧૬૬૮ કરોડ રૂપિયા ખર્ચે બંધાઈ રહ્યો છે. જેનું કામ પૂર્ણ થવામાં છે. આ ઉપરાંત અંદાજે  ૨૫૭ કરોડ રૂપિયાના ખર્ચે ભૂજ - ભચાઉનો ૭૭ કિ.મીનો રસ્તો, બગોદરા - તારાપુર - વાસદ  માર્ગ  તેમજ ભરૂચ - દહેજ છ માર્ગિય રસ્તાના કામો પ્રગતિ હેઠળ છે. જે ઝડપથી પૂર્ણ થશે.

મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના કુલ ૧૩૪ કિ.મી લંબાઈના ચાર રસ્તાઓને છ માર્ગિય કરવાની કામગીરી ૨૯૧૨ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂરી આપવામાં આવી છે. જેમાં

અમદાવાદ - ભાવનગર  એક્સપ્રેસ - વે , સુરત - કડોદરા રોડ અને સુરત - કામરેજ રોડ ઉપરાંત ગાધીધામ - આદિપુર રોડના સમાવેશ થયા છે. આ જ રીતે કુલ ૩૪૨ કિ.મી લંબાઈના ૧૦ રસ્તાઓને ચાર માર્ગિય કરવા માટે ૨૦૩૯.૬૯ કરોડ રૂપિયાની રકમની મંજૂરી આપવામાં આવી છે. જેમાં રાજકોટ - ભાવનગર રોડ, સુરત - નવસારી રોડ, હિંમતનગર - તસીયા રોડ,  અંજાર - ચીરાઈ રોડ , સુરત - કીમ રોડ તેમજ વડોદરા - ડભોઈ રોડ જેવા રસ્તાઓ મુખ્ય છે.

..............................

ગુજરાત વડી અદાલતે સસ્પેન્ડ કરાયેલા પોલીસ અધિકારી વિપુલ અગ્રવાલની જમીન અરજી નકારી કાઢી છે.

આજના તુલસી પ્રજાપતિ એન્કાઉન્ટરકેસમાં તે મુખ્ય આરોપી છે અને હાલ આ કેસ સીબીઆઈની તપાસ હેઠળ છે, મે - ૨૦૧૦માં તેની ધરપકડ થઈ હતી.

..............................

આણંદ જિલ્લામાં આવેલા શ્રી વિશ્વ ગાયત્રી પ્રાગટ્યપીઠ ગુરુમઢી આશ્રમ, કાસોર ખાતે આગામી ચૈત્ર નવરાત્રિ દરમિયાન ૫૮મો વિશ્વ ગાયત્રી પ્રાગટ્યોત્સવ તેમજ ચૈત્રી નવરાત્રિ અનુષ્ઠાન ધ્યાન શિબિર યોજાશે. આવતો શુક્રવાર ચૈત્ર સુદ - ૫ડવાથી ચૈત્ર - સુદ - સાતમ સુધી પારાયણ અનુષ્ઠાન તેમજ ૫૧ કુંડી શ્રી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

..............................